# સુરત મહાનગરપાલિકા

## નગર રચના યોજના, સુરત નં. ૪૬ (જહાંગીરપુરા)નો મુસદ્દો પ્રસિધ્ધ કરવા બાબત

## : અધિસુચન

આથી જાહેર કરવામાં આવે છે કે, ઉપરોક્ત (મુસદ્દારૂપ યોજના) યોજનાનો મુસદ્દો ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ- ૧૯૭૬ની કલમ- ૪૨(૧) અને અધિનિયમના નિયમો- ૧૯૭૯ના નિયમ- ૧૮ અન્વયે તૈયાર કરવામાં આવ્યો છે અને પ્રસિધ્ધ કરવામાં આવ્યો છે. આ યોજનાની મુખ્ય હદો નીચે પ્રમાણે છે.

| | | |
|---|---|---|
| ઉત્તરે | : | હજીરા- કઠોર નેશનલ હાઈવે તથા મોજે: જહાંગીરપુરાનો બાકી રહેતો વિસ્તાર |
| દક્ષિણે | : | નગર રચના યોજના, સુરત નં. ૪૫ (જહાંગીરપુરા- પીસાદ) તથા સુરત- ઓલપાડ અને સુરત- વરીયાવ રોડનું જંકશન |
| પૂર્વે | : | સુરત- વરીયાવ રોડ તથા મોજે જહાંગીરપુરાનો બાકી રહેતો વિસ્તાર. |
| પશ્ચિમે | : | સુરત- ઓલપાડ સ્ટેટ હાઈવે તથા નગર રચના યોજના, સુરત નં. ૪૫ (જહાંગીરપુરા- પીસાદ)ની હદ. |

ઉપર જણાવેલ યોજનાના મુસદ્દાની એક નકલ જમીન માલિકો તેમજ હિત સંબંધ ધરાવનાર વ્યકિતઓ તથા જાહેર જનતાને જોવા માટે ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતની કચેરીમાં રજાના દિવસો સિવાય ઓફિસ સમય દરમ્યાન ખુલ્લી રાખવામાં આવેલ છે.

સરકારી રાજપપત્રમાં ઉપરોક્ત અધિસુચનની પ્રસિધ્ધ થયાની તારીખથી એક મહિનાની અંદર આ યોજનાથી અસર પામતી કોઈપણ વ્યકિત આ યોજનાના સંબંધમાં વાંધા/ સુચનો બે નકલોમાં લેખિત રીતે કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાને સુપ્રત કરશે તો કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકા આવા વાંધાઓ યોગ્ય જણાયે ધ્યાનમાં લેશે.

નં.પીઆરઓ/૩૦૫
તા. ૨૩/૧૦/૨૦૦૨/૨૦૦૩

કમિશ્નર
સુરત મહાનગરપાલિકા